# તરીક-એ-વસિય્યત

તમો ફરાઈઝનું ઈલ્મ અને કુરઆન શીખો અને બીજાઓને શીખવાડો, કારણ કે મારી એક દિવસ વફાત થશે. (તિમીર્ઝી)

અલ્લાહ તઆલા અને બંદાઓના હક અદા કરવાની તાકીદ.
વસિય્યત કરવાના જરુરી મસાઈલ.
વસિય્યતનામુ તૈયાર કરવા આસાન તરીકાની જાણીકારી.
વસિય્યતની અહમિય્યતના પયગામને ઉમ્મતમાં આમ કરવા તરીક-એ-વસિય્યત નસીહતના રુપમાં રજુ કરવાનો જરુરી પ્રયાસ.


સંપાદક
(મવ.) શમ્સુલહક હાશિમ


સુધારેલી નવી આવૃત્તિ

# તરીક-એ-વસિય્યત

**વસિય્યત કરનારનું નામ : ......................................**

**..................................................................**

**અટક : ................................ ઉંમર : .................**

**સરનામું : ........................................................**

**........................................................**

**તારીખ : ........................**

**પહેલાં કિતાબનું ધ્યાન પૂર્વક વાંચન કરો**
**પછી પોતાની વસિય્યત લખો જરુર પડે**
**આલિમો-મુફ્તી સાહેબોનો સંપર્ક કરો-**

## સુધારેલી નવી આવૃત્તિ

# સર્વ હકક લેખકને આધિન

કિતાબનું નામ : તરીક-એ-વસિય્યત

સંપાદક : મૌ.શમ્સુલહક હાશિમ

પહેલી આવૃત્તિ : ૨૪, સફર ૧૪૨૫ હીજરી

તઅદાદ : ૫૦૦

બીજી આવૃત્તિ : જમાદિલ અવ્વલ-૧૪૩૬ હીજરી

તઅદાદ : ૧૦૦૦

ત્રીજી આવૃત્તિ : રબીઉલ અવ્વલ-૧૪૪૨

તઅદાદ : ૧૦૦૦

આ કિતાબ કોઈ વ્યકિતએ છાપવી અથવા
છપાવવી નહીં. જરુર હોય તો લેખક નો સંપર્ક કરવો.
મો.૯૯૨૫૫ ૪૨૩૨૦

પ્રાપ્તિ સ્થાન

(મવ.) શમ્સુલહક હાશિમ
ચાંગા-૩૮૮૪૨૧
જી.આણંદ, ગુજરાત

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | અભિપ્રાય | ૪ |
| | પ્રસ્તાવના | ૭ |
| ૧ | હદીસે વસિય્યત | ૧૦ |
| ૨ | વસિય્યતની જરુરત અને મહત્વ | ૧૧ |
| ૩ | વસિય્યતનો મતલબ | ૧૧ |
| ૪ | વસિય્યત વિષેના મસાઈલ | ૧૨ |
| ૬ | વારિસો માટે માલ છોડવું પણ સવાબ છે. | ૧૬ |
| ૭ | વારસદારોને નુકશાન પહોંચે એવી વસિય્યત નાજાઈજ છે... | ૧૭ |
| ૮ | વસિય્યત કરનારને હિદાયત | ૧૮ |
| ૯ | વારસાદારોને હિદાયત | ૧૮ |
| ૧૦ | મૌતની તૈયારીમાં લાગી જવું | ૨૧ |
| ૧૧ | બંદાઓના હક અદા કરવાની તાકીદ | ૨૨ |
| ૧૨ | તૌબા કબુલ થવાનો આખરી સમય | ૨૩ |
| ૧૩ | મૃત્યુ પામનારનો માલ | ૨૪ |
| ૧૪ | મૈય્યિતના માલમાં લાગુ પડતા હકો | ૨૫ |
| ૧૫ | શરીઅતમાં સ્ત્રીઓનો વારસા હક | ૨૬ |
| ૧૬ | પોતાની હયાતીમાં વારસા વહેંચણી | ૨૮ |
| ૧૭ | કેટલીક જાલિમાના માન્યતાઓ | ૨૮ |
| ૧૮ | વારસો (મરનારની મિલકત) | ૩૦ |
| ૧૯ | શરીઅત પ્રમાણે વારસા વહેંચણી કોને કહેવાય | ૩૦ |
| ૨૦ | વારસા વહેંચણી ફત્વો પુછીને જ કરવી | ૩૧ |
| ૨૧ | વારસા વહેંચણીમાં બે પરવાઈ | ૩૩ |
| ૨૨ | વારસા વહેંચણીનો ફેસલોં શરીઅતના કાનુન પ્રમાણે કરવો. | ૩૩ |
| ૨૩ | વસિય્યત કરનારના મરણ પછી | ૩૫ |
| ૨૪ | હજ્જે બદલની વસિય્યત | ૩૫ |
| ૨૫ | અંતમાં કેટલાક જરુરી મસ્અલા | ૩૮ |
| ૨૬ | આસાન રીત | ૪૦ |
| ૨૭ | વસિય્યત લખવાનો તરીકો | ૪૧ |
| ૨૮ | કોઠાઓના નમુનો | ૪૨ |

# અભિપ્રાય

બિસ્મિલ્લાહિર્ રહમાનિર રહીમ

હામિદંવ વ મુસલ્લિયા

હદીસોમાં વસિય્યત લખવાની તાકીદ અને ફઝીલતનું વર્ણન છે. તેના કારણે સહાબાએ કિરામ (રદિ.) ખુબ એહતિમામ (પ્રબંધ) થી આ શરઈ હુકમ પર અમલ કરતા હતા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉંમર (રદિ.) વસિય્યતવાળી હદીસ બયાન કર્યા પછી ફરમાવતા :-

પછી મેં કોઈ રાત એવી નથી વિતાવી જેમાં મારી પાસે લખેલી વસિય્યત તૈયાર ન રાખી હોય.

એટલા માટે ઉમ્મતે મુહમ્મદિય્યાના મશાઈખે કિરામ, (ર.અ.) અને ઉલમાએ કિરામ (ર.અ.) નો દસ્તૂર વસિય્યત લખવાનો રહયો છે, પરંતુ આ શરઈ હુકમ પર અમલ કરવાના તરીકાની અવામને જાણકારી નથી.

માટે સરળ ગુજરાતી ભાષામાં મુહતરમ્ જનાબ મૌલાના શમ્સુલહક સાહેબે (ચાંગા-જી.આણંદ) વસિય્યતનામું લખવાનો આસાન તરીકો સંપાદિત કરી ગુજરાતી મુસ્લિમો પર ખુબ જ મોટો ઉપકાર કર્યો છે.

અહકરે આ રિસાલાને ધ્યાનથી વાંચી મુનાસિબ સુધારા પણ કર્યા, અહકર ને પસંદ આવ્યો, મૌસુફે ખુબ મહેનત કરી મુસ્તનદ (પ્રમાણિત) અને તમામ જરુરી વાતો નો સંગ્રહ કર્યો છે.

અલ્લાહતઆલા આ મેહનતને કબુલ ફરમાવે અને મૌસૂફ માટે નજાતનો ઝરીઅહ બનાવે અને મુસલમાનોને તેના પર અમલ કરવાની તૌફીક થી નવાઝે, આમીન...

અહકર મુફતી આદમ ભીલવની
ખાદિમે મદ્રસા નજીરિય્યહ મુ.કાકોસી,
૨૯ સફર ૧૪૨૫ હિજરી

# અભિપ્રાય

## બિસ્મિલ્લાહિર્ રહમાનિર રહીમ

## હામિદંવ વ મુસલ્લિયા

હમ્દો સલાત પછી :

દરેક મુસલમાને પોતાનું વસિય્યતનામું તૈયાર કરી રાખવાની હદીસ શરીફમાં ઘણી તાકીદ છે, હુકુકુલ્લાહ અને હુકુકુલ ઈબાદ બન્ને ઘણા મહત્વના છે અને વફાત પછી તે હુકુકુની પૂછપરછ થનાર છે. અદાયગીની દ્રષ્ટિએ હુકુકુલ ઈબાદની ખુબ ફિકર કરવાની જરુરત છે.

મુહતરમ મવલાના શમ્સુલહક ચાંગવી સાહેબ (ઝી.મ.) એ આ વિષયને લગતી આ પુસ્તિકા તૈયાર ફરમાવી છે, જેમાં વસિય્યતને લગતા અમુક મસાઈલ જમા ફરમાવ્યા છે અને વસિય્યત કરનારની સરળતા માટે અનેક કોઠાઓના નમૂના પણ રજુ ફરમાવ્યા છે.

અલ્લાહ તઆલા મુહતરમ મવલાનાની આ મહેનતને કબૂલ ફરમાવે અને બધા શરઈ હુકૂક અદા કરવાની અને વસિય્યતની કાળજી લેવાની તૌફીક અતા ફરમાવે - આમીન...

અહકર : (હઝ.મવ.મુફતી) ઈસ્માઈલ ઈબ્રાહીમ ભડકોદ્રવી (સાહેબ)
ખાદિમે ઈફતા દારુલ ઉલૂમ, કંથારીઆ
૨૪, સફર ૧૪૨૫ હિજરી
૧૫-૪-૨૦૦૪

# અભિપ્રાય

## બિસ્મિલ્લાહિર્ રહમાનિર રહીમ

## હામિદંવ વ મુસલ્લિયા

હમ્દો સલાત પછી :

માશાઅલ્લાહ ! લાહવલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.

યે કિતાબ અવ્વલ સે આખિર તક બિલ ઈસ્તીઆબ (પુરેપુરી) હરફન હરફન દેખી. અલ્હમ્દુલિલ્લાહ બહુત હી ઉમ્દા પાયા.

અલ્લાહ તઆલા હમ તમામ કો ઈસ્તિફાદા ઔર અમલ કરને કી તૌફિક ભી દે. હઝરત વાલા કી ઈસ તસ્નીફ કો દુનિયા ભરમેં આમ ફરમાયે. આમીન...

અહકર : (હઝ.મવ.મુફતી) રીઝવાન નવસારી
ખાદિમ જામિઅહ ઝકરિયહ
જોગવાડ (નવસારી)
૧-જમાદિલ આખર-૧૪૪૨
જુમ્આ

# પ્રસ્તાવના

નહમદુહુ વનુસ્લ્લી અલા રસુલિહિલ કરીમ -

વર્તમાન યુગના ધારા શાસ્ત્રીઓ કૌટુંબિક પ્રશ્નો માટે જે કાયદો ઘડવા ચાહે છે. ઈસ્લામે તેને ચૌદસો વર્ષ પુર્વે ઘડી દુનિયા સમક્ષ રજુ કરેલા છે. કે બિનવારસદાર માટે વસિય્યત કરી જવું સવાબનું કામ છે. પરંતુ મૃત્યુ વેળા વારસદારને તેના ભાગથી વંચિત રાખવા જે વસિય્યત કરે છે. તો તેણે ૬૦ વર્ષ સુધી બંદગી કરી હશે તો એ સર્વ બંદગી બરબાદ થઈ જશે.

ધન દૌલતના આશિકો જાત જાતના પેંતરા રચીને વિધવાઓ, યતીમો, અને કમઝોર બે સહારા વારસદારોના હક પાયમાલ કરી મરનારનો બધો જ માલ હજમ કરી પોતાની મરજી મુજબ ના હક ઉડાવે છે.

કુર્આન શરીફ્માં આવા નાપાક કૃત્યની બુરાઈ ઘણી તાકીદ સાથે બયાન કરવામાં આવી છે.

“અને તમેમીરાસ (વારસા) નો સૌ માલ સમેટીને ખાઈ જાઓ છો અને ધનની હદ ઉપરાંત માયા રાખો છો.” (સુરએ ફ્જ-૧૯/૨૦)

આ આયતમાં આવી બેહુદા હરકતો કરનારની બુરાઈ બયાન કરવામાં આવી છે માટે એથી બચવું જોઈએ. નહિતો આખરે ખુદાપાકના અઝાબમાં સપડાશે ત્યારે આંખો ઉઘડી જશે.

વળી મૌત અને હયાતનો ક્રમ ચાલુ છે. એટલે જિંદગીમાં જે માલ કમાયા કે કોઈ પણ પ્રકારે માલિક બન્યા તેનું મોત પછી શુ થશે? એ સવાલને હલ કરવા માટે વસિય્યત અને વારસાના અહકામ સ્પષ્ટ રીતે જાણવા માટે ઘણા અહકામ કુરઆન મજીદ અને હદીષોમાં બયાન કરવામાં આવ્યા છે. એના આધારે ફુકહાએ કિરામ (રહ.) એ વિરાસત અને વસિય્યતના અહકામ વિગતવાર લખ્યા છે. પરંતુ માલદોલતની મોહબ્બતમાં ઉમ્મતના દીનદારીના દાવેદારો પણ સામાન્ય રીતે નાજાઈઝ કામોમાં સપડાયેલા છે.

હઝરત અબુ હુરૈરહ રદી. થી રિવાયત છે કે હુઝુર (સ.અ.વ.) ફરમાવ્યું - અબુ હુરૈરહ વારસા વહેંચણીના વિષયને શીખો અને શીખવાડો, એટલા માટે કે એ કુલ દીનનો અર્ધો ઈલ્મ છે. એ જ વિષય સર્વ પ્રથમ ભુલાવવામાં આવશે એ જ સર્વ પ્રથમ મારી ઉમ્મતથી ઉઠાવી લેવામાં આવશે. (ઈબ્ને માજાહ પેજ-૧૯૯)

સમાજે વારસા વહેંચણીને ન્યાય પૂર્ણ પરંપરા તરીકે સ્વીકારી લીધી હોય એવું થયું નથી. ઈબાદતના ક્ષેત્રે કંઈક પરિવર્તન આવ્યું છે. પણ વહેવાર અને રોઝીની પવિત્રતા અને બંદાઓના હકોની અદાયગીમાં કંઈ ખાસ બદલાવ આવ્યો નથી. આપણું આ અફસોસજનક પાસું કહેવાય. એના પર આલિમો, સમાજ સુધારકો તથા ઈસ્લાહી સંસ્થાઓએ ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

આજ હેતું નજર સમક્ષ રાખી આ કિતાબ મુસ્લિમ સમાજની સેવામાં રજુ કરી છે. હવે મુસલમાનોનું કામ છે કે આશા અનુસાર પુસ્તકનો લાભ ઉઠાવે. પોતાનું વસિય્યતનામું લખાઈ ન જાય ત્યાં સુધી આ કિતાબને ટેબલ પરથી હટાવો નહીં. જેથી પોતાની વસિય્યત લખાવામાં સરળતા રહે.

અંતમાં મુખ્લીસ દોસ્તોનો હૃદય પુર્વક આભાર માનું છું કે તેઓએ આ કિતાબ રજુ કરવામાં ખુબ હોંસ્લા અને શોખથી નાણાંકીય સહાય કરી અલ્લાહ તઆલા તેઓને બન્નેંવ જહાનમાં બેહતર બદલો અતા ફરમાવે.

આ સુધારેલી ત્રીજી આવૃત્તિ કિતાબમાં લગતી બીજી ઘણી જરુરી બાબતોનો વધારો કરવામાં આવ્યો છે.

એહલે ઈલ્મ હઝરાતની ખિદમતમાં ગુજારિશ છે કે આ કિતાબમાં કોઈ ગલ્તી અથવા મુફીદ રાય સામે આવે તો સંપાદકને જાણ કરશો. આપનો એહસાન લેખાશે.

અલ્લાહતઆલા કિતાબને લોકપ્રિય બનાવે અને બંદાઓ માટે માર્ગદર્શન રુપ બનાવે અને મારી કોશીષને મારા માટે તેમજ ઉમ્મત માટે બંન્નેવ જહાનમાં ફાયદા કારક બનાવે.  આમીન...

અહકર
(મવ.) શમ્સુલહક હાશિમ
ચાંગા-૩૮૮૪૨૧
જી.આણંદ
ગુજરાત

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# હદીસે વસિય્યત

તરજુમોઃ હજરત જાબિર (ર.દિ.) થી રિવાયત છે કે હુઝુર સલ્લલ્લાહો અલયહી વસલ્લમ નો ઈર્શાદ છે કે જે માણસ વસિય્યત કરીને મૃત્યુ પામે તેનું મૃત્યુ સીધા માર્ગે સુન્નત પર અને પરહેઝગારી તેમજ શહાદત અને મગફિરત ની સાથે થયું. (ઈબ્ને માજહ-૧૯૮)

તરજુમોઃ હઝરત ઈબ્ને ઉમર (રદિ.) થી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહી વસલ્લમએ ફરમાવ્યુ, કોઈ મુસલમાનને આ હક નથી કે કોઈ વસ્તુની વસિય્યત કરવી તેના ઉપર જરુરી હોય, પછી તે બે રાતો પણ એવી રીતે ગુઝારે કે તેની વસિય્યત તેની પાસે લખેલી ન હોય, અર્થાત્ વસિય્યત લખ્યા વગર બે રાતો પણ વિતાવવાની મનાઈ કરી. (મિશ્કાત શરીફ : ૨૬૫)

એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) આ હદીસ સાંભળ્યા પછી પોતાના સરહાણે (માથા નીચે) વસિય્યતનામું લખીને રાખતા હતા. મતલબ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) વસિય્યત હંમેશા પોતાની સાથે રાખતા હતા.

હઝરત ઈબ્ને મસ્ઉદ રદી. થી રિવાયત છે કે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કયામત ત્યાં સુધી નહીં આવશે જયાં સુધી કે વારસો વહેંચવામાં આવશે અને લોકો દુશ્મનીથી મળેલ માલ બાબત કોઈ જાતની ખુશી નહીં અનુભવે. (મિશ્કાત)

આ હદીષના અનુસંધાનમાં તફસીરે રુહુલ મઆનીના લેખક ફરમાવે છે કે વારસાની પ્રમાણિક રીતે વહેંચણી ન કરવાનું કારણ દીનથી બે પરવાઈ તેમજ લોકોમાં પરસ્પર ઝુલ્મના પ્રમાણેનો વધારો હશે અથવા જહાલતનું વ્યાપક (ફેલાઈ જવું) થઈ જવું હશે અને એવા માણસોની સંખ્યા વધી જશે કે જેઓ વારસા વહેંચણીના હુકમો જાણતા નહી હોય.

(રુહુલ મઆની પેજ-૩૩૪ ભાગ-૨)

## વસિય્યતની જરુરત અને મહત્વ

દરેક ઈન્સાનને પોતાના જીવન દરમ્યાન એક બીજા સાથે લેવડદેવડનો વ્યવહાર કરવો પડે છે. કયારેક કર્ઝ લીધેલું હોય છે. બીજાની અમાનતો રાખેલી હોય છે. માણસને પોતાના મૃત્યુની અગાઉથી જાણ હોતી નથી. અચાનક પણ થઈ શકે છે. માટે વસિય્યત લખી રાખવી એ મહત્વની બાબત છે. કર્ઝની અદાયગી અમાનતો તેના માલિકને સુપ્રત કરવી દીની ફર્ઝ અને વાજિબ છે. વસિય્યતનામું લખેલું હોય તો વારસદારો એ બધું અદા કરે. ચોકસાઈ પૂર્વક વસિય્યત કરી જવા માટેના સંખ્યાબંધ ફરમાનો હદીષોમાં જોવા મળે છે.

## વસિય્યતનો મતલબ

મારા મરણ પછી મારો માલ અથવા વસ્તુ ફલાણાને કે ફલાણા કામમાં આપી દેજો. આ વાત કોઈને ગવાહ બનાવી લખી આપવાને કે બીજાઓ સમક્ષ બોલવાને વસિય્યત કહેવામાં આવે છે. આ પ્રમાણેનું લખાણ અથવા બોલવું તંદુરસ્તીની હાલતમાં હોય અથવા બીમારીની હાલતમાં હોય અથવા એવી બીમારીમાં કહયું હોય કે તે બીમારીમાં તેનું મૃત્યુ નીપજ્યુ હોય. એ વસિય્યત કહેવાશે. (બેહરતી ઝેવર)

જો પોતાની મૌતનું વર્ણન કર્યા સિવાય ફકત એવું કહયું અથવા લખ્યું કે મારી ફલાણી ચીજ ફલાણા માણસને આપશો અથવા ફલાણા કામમાં ખર્ચ કરશો તો તે વસિય્યત નથી. તેના ઉપર વસિય્યતના હુકમો લાગુ થશે નહીં.

શરીઅતમાં વસિય્યત એને કહે છે જેમાં પોતાના મરણ પછી કોઈ હિદાયત કરી હોય. (દુરે મુખ્તાર)

## વસિય્યતના મસાઈલ:

### તે વસ્તુઓ જેની વસિય્યત કરવી જરુરી છે.

ચોકસાઈ પૂર્વક વસિય્યત કરી જવા માટેના સંખ્યાબંધ ફરમાનો હદીસોમાં જોવા મળે છે.

હુઝુર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમનું ફરમાન છે કે, મુસ્લિમ પાસે કોઈ વસ્તુ હોય તો તેણે વસિય્યત લખી પોતાની પાસે રાખ્યા વિના બે રાત પસાર કરવાનો હક બનતો નથી. (અબૂદાવૂદ : ૨/૩૯)

હદીસમાં છે જે માણસ વસિય્યત કરી જવા બાદ મૃત્યુ પામે તો તેનું મૃત્યુ સીધા માર્ગે સુન્નત પર અને પરહેઝગારી તેમજ શહાદત અને મગફિરતની સાથે થયું. (ઈબ્ને માજહ-૧૯૮)

કુર્આને મજીદની આયતો અને હદીસો પોતાના મોકા અનુસાર વાજિબ અને મુસ્તહબ એમ બંન્ને દરજા ધરાવે છે.

જે માણસ ઉપર લોકોનું કર્ઝ હોય અથવા અમાનતો હોય અથવા એ પ્રમાણેની કોઈ લેવડ દેવડ થયેલી હોય તો મરનારે એ અદા કરી જવું અથવા એને અદાકરવાની લેખિત અથવા મૌખિક વસિય્યત કરવી વાજિબ છે.

એવી જ રીતે જ માણસોએ વગર કારણે નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ વિગેરે હુકમો પર અમલ ન કર્યો હોય (એટલે કે કઝા થયા હોય) અને મૌતની નિશાનીયો દેખાવા લાગે તો તેણે વારિસોને વસિય્યત કરવી વાજિબ છે. કે મારા મૃત્યુ પછી મારા તરફથી કઝા થયેલી નમાઝો, રોઝા વિગેરેનો ફિદિયો અદા કરે. ઝકાત અદા કરે. હજ્જે બદલ અદા કરે, પત્નિની મહેર અદા કરવાની બાકી હોય તો તે અદા કરે.

વસિય્યત કરનાર તંદુરસ્ત હોય તો હિમ્મતથી નમાઝ, રોઝા, પોતે અદા કરે. જો પોતે અદા ન કરી શકે તો વસિય્યત કરવી વાજિબ છે.

જો વસિય્યતનો મૌકો હોવા છતાં વસિય્યત ન કરી તો ગુનેગાર બની અઝાબને પાત્ર બનશે. મૌત પહેલાં વસિય્યત કરવાનો મૌકો મળશે કે કેમ? તેની ખાતરી ન હોવાથી પહેલેથી જ વસિય્યતનામું લખી રાખવું જોઈએ.

**સમય અનુસાર સમયે સમયે તેમાં ફેરફાર કરી શકાય છે.**

કફનદફન સુન્નત તરીકા મુજબ કરવા. મરણબાદ કોઈ પણ કામ શરીઅત વિરુધ્ધ ન કરવા તથા કુરીવાજો ન કરવા બાબત પોતાના વારસદારોને તથા સગા સ્નેહીઓને જણાવી દેવું જોઈએ. પોતાના જરુરતમંદ દોસ્તો જેઓ વારસદાર નથી તેમની મદદ માટે ૧/૩ માલમાંથી વસિય્યત કરવી અને મરણ બાદ તરત જ વારસો વહેંચી દેવાની વસિય્યત કરવી અથવા લખી જવી મુસ્તહબ છે.

૧/૩ માલમાંથી ગેરવારસદારો માટે અથવા મસ્જિદ, મદ્રસામાં આપવા માટે અથવા દીની ખિદમતગારોને આપવાની વસિય્યત કરી શકાય છે. (હિદાયહ)

મરનાર માણસ જો એવું ઈચ્છે કે ફલાણો મારો વારસદાર મારા માલમાં ભાગીદાર ના થાય. અથવા તેને આપવામાં ન આવે તો પણ તેના મરણ પછી તે બાકાત રખાયેલો માણસ પોતાના વારસા હક્ક પ્રમાણે પોતાના હિસ્સાનો માલિક થઈ જશે. આ ફેંસલો શરઈ વહેંચણી વિરુધ્ધ છે, માટે રદ થશે અને શરિઅતના કાયદા અનુસાર જ થશે.

(મુફિદુલ વારિસીન-૯)

હદીસમાં છે તમે મૌત વખતે એમ ન કહો કે આટલો માલ ફલાણાને આપવો, આટલો ફલાણાને, કારણ કે એ માલ તો વારસદારોનો થઈ ગયો, ભલેને મરનાર રાજી હોય કે નહિ.

(ઈબ્ને માજહ : ૧૯૮)

અમુક ઉલમાના મત પ્રમાણે મરનારને એવી બીક હોય કે મારા મૃત્યુ પછી મારા છોકરાં બરાબર હક વહેંચશે નહિં, અમુકના હિસ્સા પચાવી લેશે, જેમ કે બહેનોના હક આપવામાં નથી આવતા તો તેમના માટે જરુરી છે કે પોતાના બધા વારસદારો માટે પહેલેથી જ કોર્ટમાં તેમના હિસ્સાનો ભાગ રજિસ્ટર્ડ કરાવી લે. અને વિશ્વાસ હોય કે દરેક નો હિસ્સો શરિઅતના હુકમ મુજબ વહેંચી દેશે તો તેને રજિસ્ટર્ડ કરાવવું જરુરી નથી.

એવી જ રીતે દરેક મુસ્લિમ પોતાના વસિય્યતનામામાં લખી રાખે કે શરીઅત મુજબ મારા બધા વારસદારો મારી મિલકતની વહેંચણી કરી લે, એક બીજાનો હક દબાવે નહિં, જે લોકોમાં છોકરીઓને વારસો આપવાનો રિવાજ ન હોય તેવી જગાઓમાં ખાસ ભારપૂર્વક છોકરીઓને વારસો દેવા માટે વસિય્યત કરવી જોઈએ.

(ફતાવા અશરફિયહ - ૨/૧૬૬)

આજના સમયમાં આપણા માટે વધુ યોગ્ય બાબત તો એ છે કે મરતાં પહેલાં વારસદારોને તેમના હિસ્સાઓ પ્રમાણે જ આપી દેવામાં આવે.

જો એમ ન કરી શકાય અને એવી બીક હોય કે મારા મૃત્યુ પછી છોકરાઓ વહેંચણી બરાબર નહીં કરે તો ઉપર જણાવ્યા મુજબ વસિય્યત કરી જવી અને બે ત્રણ માણસોને ગવાહ બનાવી દેવા જરુરી છે. આજકાલ દરેક જગાએ સ્ત્રીઓને વારસો ન આપવાની પ્રથા પ્રચલિત છે, છોકરાઓ તેમના હક આપતા નથી. માલની, જમીન જાગીરની મોહબ્બત પણ રુકાવટ બને છે, માટે દરેક મુસ્લિમે ઉપરોકત મસ્અલા મુજબ વારસદારોમાં મિલકતની વહેંચણીનો પહેલેથી બંદોબસ્ત કરવો વધુ બેહતર લેખાશે.

૧/૩ માલથી વધુની વસિય્યત પુરી કરવી વારસદારો પર જરુરી નથી. કારણ કે મરનારનો હક વસિય્યત રુપે ફકત ત્રીજા ભાગની મિલકતમાં બાકી રહે છે. (હિદાયહ ૬૩૯)

વારસદારો અકલમંદ અને જુવાન હોય અને પોતાની ખુશીથી બધો માલ ખર્ચ કરી વસિય્યત પુરી કરવા રજા આપે તો ખર્ચી શકાય છે, પરંતુ જો વારસદારોમાં નાબાલિગ (સગીર) અથવા અસ્થિર મગજવાળી વ્યકિતઓ હોય તો તેમની રજા વિશ્વાસ પાત્ર ગણાશે નહીં.

જે માણસનો કોઈ વારસદાર ન હોય અને તેનું દેવું પણ ન હોય એવો માણસ જો કુલ માલની વસિય્યત કરે તો તે મોઅતબર અને જાઈઝ છે. તેની માત્ર પત્નિ હોય તો ૩/૪ માલની વસિય્યત કરવી અને ફકત પતિ હોય તો ૧/૨ માલની વસિય્યત કરવી જોઈએ.

વસિય્યત કરનારનું પુખ્તવય અને બુધ્ધિવાન હોવું જરુરી છે.

નાબાલિગ (સગીર) અથવા અસ્થિર મગજના માણસે વસિય્યત કરી તો ૧/૩ માલમાં પણ તે લાગુ પડશે નહીં.

જે વસ્તુની વસિય્યત કરવામાં આવે તે તેની માલિકીમાં હોવી જરુરી છે. જો તે વસ્તુ અસ્તિત્વ ધરાવતી ન હોય, જેમ કે એવું કહે કે મારી બકરીને હવે પછી જે બચ્ચુ થશે તે ફલાણાને આપી દેજો તો એ વસિય્યત માન્ય ગણાશે નહીં.

જે માણસ માટે વસિય્યત કરી હોય તેનું મય્યિતના અવસાન પામતી વેળા વારસદાર ન હોવું જરુરી છે. જો વારસદાર હશે તો તે વસિય્યત રદ બાતલ ઠરશે, કારણ કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ વારસદાર માટે વસિયત કરવી નાજાઈઝ ફરમાવી છે.

અલ્લાહ ત્આલાએ દરેક હકદારનો હક નક્કી કરી આપ્યો, એટલે વારસદારો માટે વસિય્યત છે જ નહીં. (અબૂ દાવૂદઃ૨/૪)

# વારિસો માટે માલ છોડવું પણ સવાબ છે

હઝરત સઅદબિન અબી વક્કાસ રદી. એ બયાન ફરમાવ્યું કે હું ફત્હે મક્કાના વર્ષે એટલો બીમાર થયો કે મોત નજીક લાગ્યું. રસુલુલ્લાહ સ.અ.વ. મારી બીમાર પુર્સી માટે તશરીફ લાવ્યા.

મેં અરજ કરી યા રસુલુલ્લાહ સ.અ.વ. મારી પાસે ઘણો માલ છે અને વારસાના અહકામ પ્રમાણે માત્ર મારી બેટીને વારસાનો હિસ્સો મળે છે, તો શું બધા માલની વસિય્યત કરી દઉ?

તો આપ સ.અ.વ. એ ફરમાવ્યું ના મેં ફરી અરજ કરી અર્ધા માલની વસિય્યત કરી દઉ? આપે ફરમાવ્યું ના મેં અરજ કરી ત્રીજા ભાગના માલની વસિય્યત કરી દઉ. આપ સ.અ.વ. એ ફરમાવ્યુ હા, ત્રીજા ભાગના માલની વસિય્યત કરી શકો છો. અને ત્રીજો ભાગ પણ ઘણો છે.

બેશક જો તમે પોતાના વારિસોને માલદાર હોવાની હાલતમાં છોડો તો તે એનાથી બેહતર છે કે તમે તેમને તંગદસ્તીની હાલતમાં છોડો કે તે લોકોની સામે હાથ ફેલાવ્યા કરે અને એમાં શક નથી કે તમે જે કંઈ પણ ખર્ચ કરશો અને ફકત અલ્લાહને રાજી કરવાનો હેતુ હોય, તેનો તમને જરુર સવાબ મળશે.

અગર તમો એક લુકમો પોતાની પત્નિના મોઢામાં આપી આપશો તેનો પણ સવાબ મળશે. (સહી બુખારી ભાગ-૧/૩૮૩)

વસિય્યત માત્ર ત્રીજા ભાગના માલમાં લાગુ પડે છે. બેહતર એ છે કે મરનાર ત્રીજા ભાગ કરતા ઓછા માલની વસિય્યત કરે, વધુમાં વધુ ત્રીજા માલ સુધી વસિય્યત કરવાની ગુંજાઈશ છે. પરંતુ તે મૈયતના કફન-દફન અને કર્ઝની અદાયગી પછી જે માલ બચે તેના ત્રીજા ભાગમાં લાગું પડશે.

હુઝુર સ.અ.વ. એ વસિય્યત લાગું કરતાં પહેલાં કર્ઝની અદાયગીનો ફેંસ્લો ફરમાવ્યો છે. (ઈબ્ને માજાહ)

## વારસદારોને નુકસાન પહોંચે એવી વસિય્યત નાજાઈઝ છે.

વારસા વહેંચણીનું કાર્ય વસિય્યત અને કર્જ ચુકવ્યા બાદ થશે, પરંતુ વસિય્યત વારસદારોનેં નુકસાન પહોંચાડવા અર્થે ન હોવી જોઈએ.

(સૂરએ નિસાઅ-૧૨)

વારસદારોના કોઈપણ કસૂર, ગુનાહ વગર બધા જ માલ મિલકતની પટાવત પોતાની જીંદગીમાં કરી નાખી, વારસદારોને વંચિત છોડી જાય તો આ પ્રકારનું કૃત્ય માન્ય રખાશે પરંતુ આવું કૃત્ય કરનાર ગુનેગાર થશે. (મુફીદૂલ વારિસીન-૫૦)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) નુ ફરમાન છે કે વારસદારોને નુકશાન પહોંચાડવાના ઈરાદાથી વસિય્યત કરવી કબીરહ (મહાન) ગુનાહોમાંથી છે.

હઝરત અબુ હુરૈરહ (રદિ.) થી રિવાયત છે કે, હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ફરમાવ્યું જેણે પણ વસિય્યત દ્વારા નુકશાન પહોંચાડયું તો અલ્લાહ તઆલા તેને જહન્નમના ખાડામાં નાંખી દેશે.

(તફસીરે માજદી - ૨/૨૨)

વધુ પડતો રિવાજ એમ છે કે મરતી વખતે ઔરત મહેર માફ કરે છે અથવા કરાવવામાં આવે છે, તો માફ કરવું કરાવવું દુરુસ્ત નથી.

(દુર્રે મુખ્તાર)

## વસિય્યત કરનારને હિદાયતઃ

ઈન્સાનના મૃત્યુનો સમય નિશ્ચિત નથી, જયારે મૌતનો પયગામ આવે છે ત્યારે દિલની અનેક ઈચ્છાઓ અધૂરી રહી જાય છે, જેને પૂરી કરવાનો મોકો હાથમાંથી સરકી જાય છે, માટે જ સઘળા કામોની વસિય્યત લખી રાખવી જેથી વારસદારો વસિય્યતના હુકમ મુજબ વસિય્યત પ્રમાણે અમલ કરે અને હકદારોના હકક નષ્ટ ન થાય તથા મુકદમા રચી દાવા લડવાની તેમજ આપસમાં ખેંચતાણ અને લડાઈ ઝઘડાથી બચી શકે.

માલ મિલકત, સ્થાવર સંપત્તિ, જંગમસંપત્તિ, પશુધન, એવી સંપત્તિ જે કોઈ ખાસ કામ માટે નક્કી કરેલી, ગિરવી મૂકેલી તથા લેવડ દેવડનો હિસાબ તથા મિલકતોના કરારો વગેરેનું સંપૂર્ણ સચ્ચાઈ પૂર્વક લખાણ પોતાની તંદુરસ્તીના સમયમાં તૈયાર રાખવું.

કઝા થયેલી ઈબાદતના ફિદયહ અદા કરવાની વસિય્યત કરવી જોઈએ. જો વસિય્યત ન કરી હોય તો વારસદાર ઉપર મરનાર તરફથી ફિદયહ અદા કરવો જરુરી નથી. વસિય્યત કરી હોય તો ૧/૩ માલમાંથી ફિદયહ અદા કરવો જરુરી છે. અદા નહીં કરે તો ગુનેગાર થશે.

વસિય્યતની વિગતો ભરતા પહેલાં ભરોસાપાત્ર આલિમે દીનથી શરઈ હુકમ માલૂમ કરી લેવો.

## વારસદારોને હિદાયતઃ

- ✪ કોઈપણને મારાથી દુઃખ થયુ હોય અથવા તકલીફ પહોંચી હોય અથવા હક્ક છીનવાયો હોય તો તે અલ્લાહ માટે માફ કરી દે, આખિરતમાં પકડ કરવાનું ન રાખે.
- ✪ મારા મૃત્યુ વખતે મારી પાસે સૂરએ યાસીન શરીફ, કલિમએ તય્યિબહ પઢે. બેકાર વાતો અને ખોટી ભીડ ન કરે.
- ✪ મારા મરણ પાછળ રોક્કળ, માતમ ન કરે, ફોટો પણ ન લેવો.

- ✪ સુન્નત તરીકાથી ગુસલ આપીને દફન કરવામાં જલ્દી કરશો. કોઈની રાહ જોવામાં મોડુ ના કરશો. કબરમાં જમણી કરવટ પર કિબ્લા રુખ સુવાડશો. ફકત ચહેરો કિબ્લા તરફ કરવાનો રિવાજ ગલત છે.
- ✪ જયાં મારો ઈન્તિકાલ થાય ત્યાં કોઈ મુસ્લિમ કબ્રસ્તાનમાં અને બની શકે તો કોઈ અલ્લાહવાળા બુઝુર્ગની કબર પાસે દફન કરશો.
- ✪ દફન કર્યા બાદ થોડીવાર સુધી રોકાઈને તિલાવત અને દુઆએ મગફિરત કરશો.
- ✪ હંમેશા તિલાવત નેક કામો અને સદકા વગેરેનો સવાબ ગુંજાઈશ પ્રમાણે બખ્શતા રહેશો. માલી ઈબાદતનો સવાબ પહોંચાડવા ચાહો તો તૌફીક પ્રમાણે કોઈ રકમ નેક કામમાં ખર્ચ કરી અથવા ગરીબ મિસ્કીનની મદદ કરી દેશો. અલ્લાહ તઆલાના દરબારમાં સુન્નત મુજબ નાનો અને થોડો અમલ પણ સુન્નતના ખિલાફ મોટા અમલોથી વધારે બેહતર છે.
- ✪ મારા મૃત્યુ પછી શરીઅતના હુકમ મુજબ વારસાની વહેંચણી કરશો. મારા ઈસાલે સવાબ માટે ઈજતિમાઅ ન કરશો, બલકે દરેક પોતાના રહેઠાણ પર તૌફીક મુજબ ઈસાલે સવાબ કરતા રહેશો.
- ✪ મારી ઔલાદને દીની તાલીમ. અખ્લાકી તરબિયત, સાદગી, હલાલ રોઝી, તેમજ નમાઝે બાજમાઅતની આદતો કેળવશો.
- ✪ સમાચાર પત્રોમાં ફોટો છપાવશો નહીં.
- ✪ વધારે સંખ્યા ભેગી કરવા જનાઝો મુકી રાખશો નહીં.
- ✪ કબ્રસ્તાન સિવાય કોઈ ખાસ જગામાં દફન કરશો નહીં.

- ✪ અને કોઈ સુન્નતના પાબંદ નેક બુઝુર્ગથી તઅલ્લુક (સબંધ) રાખશો.
- ✪ બને ત્યાં સુધી કોઈના જામીન ન બનશો. કોરા કાગળ અથવા વગર સમજે કોઈ લખાણ પર સહી ન કરશો.
- ✪ વ્યાજુ લેવડ દેવડ, ભૂત, પલીત, જિન્નાત અને અચંબાવાળી ચમત્કારિક વસ્તુઓના ચક્કરમાં પડશો નહીં.
- ✪ જીવનનો કિંમતી સમય પોતાના કામમાં શરીઅતના હુકમોની પાબંદીમાં મખ્લૂકની ખિદમતમાં અથવા પોતાના આરામમાં વીતાવશો.
- ✪ મુહાસિબહ (પોતાના કામોનો હિસાબ) સાથે અલ્લાહના ઝિકની અને દરુદ શરીફ અને ઈસ્તિગફારની પાબંદી કરશો.
- ✪ જયારે હુઝુર (સ.અ.વ.) ના રોઝા મુબારક પર હાજર થવાનો મૌકો મળે તો મારા સલામ કહેશો અને શિફાઅતની દરખાસ્ત કરશો.
- ✪ બુઝુર્ગાને દીન ઉલ્માએકિરામની સોહબતમાં અવશ્ય હાજરી આપશો. તેમની દિલથી ઈઝઝત કરશો, પરંતુ ગમે તેવા વડીલ અને બુઝુર્ગને ખુદાનો દર્જો આપી તેમને નવાઝનાર અને મહરુમ કરનાર ખુદાનો શરીક હરગીઝ ન સમજશો, કેમ કે મુશ્રિકની બખ્શિશ (કુર્આન મજીદના ઈર્શાદ મુજબ) થશે નહી. ફકત અલ્લાહને જ પોતાનો અને સર્વ જગતનો પાલનહાર સમજશો અને તેનાથી જ મદદ માંગશો.
- ✪ ઉપર મુજબની હિદાયતો મરનારના વારસદારોએ ધ્યાનમાં લેવી.

## મૌતની તૈયારીમાં લાગી જવું

જે ગુનાહોથી તૌબા કરવી જોઈએ તે ત્રણ પ્રકારના છે.

(૧) અલ્લાહતઆલાના ફર્ઝો જેમ કે નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ વગેરે અદા ન કરી હોય તો તૌબાની સાથે તેની કઝા કરવી પણ જરુરી છે. (કુફ્ર અને શિર્ક પણ સાચી તૌબાથી માફ થઈ જાય છે.)

(૨) બીજા ગુનાહ, જેમ કે શરાબ પીવી, નાચ ગાન કરવું આ પ્રકારના ગુનાહોની માફીની શકલ એવી છે કે પ્રથમ તે ગુનાહોને તરત જ છોડી દે અને અલ્લાહ તઆલાથી માફી માંગી ભવિષ્યમાં તે ગુનાહ ન કરવાની મજબૂત નિય્યત કરે.

(૩) અમુક ગુનાહ બંદાઓના હક્ક પર તરાપ મારવાના છે. જે ખતરનાક છે જેમ કે કોઈને ના હક કતલ કરવું, કોઈના ઉપર ખોટો આરોપ મૂકવો, ચાડી ચુગલી કરવી, ગીબત કરવી, જુઠ્ઠી ગવાહી આપવી, સટ્ટા બાઝી કરવી, આ પ્રકારના ગુનાહો જે વ્યક્તિ સાથે કર્યા હોય તેમને કોઈ પણ ભોગે રાજી કરી માફ કરાવવું ખૂબ જ જરુરી છે. જો રાજી ન કરી શકે અથવા તે માણસ મરણ પામ્યો હોય તો પ્રથમ અલ્લાહ તઆલાથી તૌબા કરે અને પોતાના માટે અને જેની ગીબત કરી છે, તેના માટે મગફીરતની દુઆ કરતો રહે, તો ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા કયામતમાં તમારા તરફથી તેમને રાજી કરી દેશે અને તમોને પણ માફ કરી દેશે. આ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

એવી જ રીતે કોઈની ચીજ અથવા માલ નાહક પચાવી લીધો હોય તો પ્રથમ તે માલ તેને પરત કરવો જોઈએ, વપરાઈ ગયો હોય તો તેવી ચીજ લાવી આપે, તે પણ ન કરી શકે તો કિંમત આપે.

માણસ ગુનાહ કરી ગુનાહને ગુનાહ ન સમજે, પસ્તાય નહીં અને ગુનાહ છોડવાનો વિચાર શુદ્ધા ન કરે તે કામ શૈતાનનું છે, કારણ કે શૈતાન ખુદાની નાફરમાની કરી કદી પસ્તાયો નથી અને તૌબા પણ કરી નથી.

જયારે અકલમંદ અને નેક લોકોથી કોઈ ગુનો થઈ જાય તો તરત જ પસ્તાવો કરી સાચી તૌબા કરે છે, અને ભવિષ્યમાં ગુનાહ ન કરવાનો દ્રઢ નિશ્ચય કરે છે.

ગુનાહ કર્યા પછી તૌબા ન કરવી તે ખાસ શૈતાનનું કામ છે.

## બંદાઓના હક અદા કરવાની તાકીદ:

હદીસમાં ઈર્શાદ છે કે હુઝુર સલ્લલ્લાહો અલયહી વસલ્લમએ ફરમાવ્યુ: જેણે પોતાના કોઈ ભાઈ પર જુલ્મ કર્યો હોય તેની બેઈઝઝતી કરી હોય, તેનું અપમાન કર્યુ હોય તો તેને જોઈએ કે આજે જ તેનો હક આપી અથવા તેનાથી માફી માંગી પોતાનો હિસાબ તે દિવસ પહેલાં સાફ કરી લે કે જયાં દીનાર કે દિરહમ કામ આવશે નહીં.

જો તેના કંઈક સારા કામો (નેકીઓ) હશે તો જુલ્મના પ્રમાણમાં તે તેનાથી લઈ લેવામાં આવશે અને જો તેની પાસે નેકીઓ નહીં હોય તો મજલુમ (પીડિત) ની બુરાઈઓ આ (હક પચાવનાર) જાલિમના શિરે નાંખવામાં આવશે. (મિશ્કાત: ૨/૪૩૫)

આ પ્રમાણે વધુ નેકીઓ લઈને આવનાર માણસ ખાલી થઈ ગરીબ બની જશે તે સમયે હક પચાવનારનો હાલ કેવો થશે? ભલે પેશાનીઓ સિજદાહ કરી કરીને કાળી થઈ ચૂકી હોય. આપણા હાથ તસ્બીહના દાણા સરકાવતા સરકારવતા તેમજ ઝકાત ખૈરાત આપતા ઘસાઈ ગયા હોય અને હજ્જ ઉમરાહ કરી પોતાના માટે હાજી સાહેબનો

મહાન ઈલ્કાબ (એવોર્ડ) ધારણ કરી ચૂકયા હોય છતાંય હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક) માં કોતાહી કરવા બદલ ઉપરોકત હદીસ શરીફના અનુસાર એ નેકીઓના પણ લાભ થશે નહીં.

કુર્આન મજીદમાં એનો ચિતાર ખેંચતા અલ્લાહ તઆલા ફરમાવે છે કે, અને તે દિવસે ના માલ (સંપતિ) કામ લાગશે અને નઅવલાદ કામ લાગશે. (સુરએ શુઅરા-૮૮)

તે દિવસ માણસ પોતાના ભાઈ પોતાના મા-બાપ અને પોતાની પત્નિ તેમજ બેટાઓથી (સંતાઈ) નાસશે.

(સુરએ અબસ-૩૪/૩૫)

એવી તો અનેક હદીસો અને કુર્આનની આયતો છે, જેમાં કયામતનું વર્ણન એ પ્રમાણે કર્યુ છે. કે જેને સાંભળી આપણું રુવેં રુવું ઉભું થઈ જાય, એટલા માટે અવલિયા અલ્લાહ બંદાઓના હકમાં કોતાહી કરવાથી તથા કોઈનો હક છીનવી લેવાની મનાઈ કરતાં કહયુ છે.

"મબાશ દરપએ આઝાર વ હરચે ખ્વાહીકુન

કે દર શરીઅતે મા ગેર અઝી ગુનાહે નેસ્ત"

કોઈને સતાવ નહિ બંદાઓના હક (પચાવવા વગર) જે કંઈ કરવું હોય તે કર, કે અમારી શરીઅતમાં એના સિવાય બીજો કોઈ ગુનાહ મોટો નથી. કોઈનો માલ દબાવી લેવાથી અને વારસો ન આપવાથી ઘણી વખત ખાનદાનમાં કુસંપ પેદા થઈ જાય છે અને તે કતઅરહમીનો સબબ બની જાય છે.

## તૌબા કબૂલ થવાનો આખરી સમય:

કુર્આન મજીદની સુરએ નિસાઅ - આયતઃ ૧૮ નું વર્ણન છે.

"અને તે લોકોની તૌબા કબૂલ નહી થશે, જેઓ ખોટા કામો કરતા રહયા અને જ્યારે તેઓમાંથી કોઈને પોતાની મૌત દેખાવવા લાગી તો કહેવા લાગ્યાં કે હું તૌબા કરું છું."

સુરએ મુઅમીનની આયત-૮૪ માં વર્ણન છે.

"પછી જ્યારે તેઓએ અમારો અઝાબ જોયો તો કહેવા લાગ્યા કે અમો અલ્લાહ વહદહુ પર ઈમાન લાવ્યા."

એવી જ રીતે જ્યારે કયામતની નિશાની જાહેર થાય એટલે કે સૂરજ પૂર્વ દિશાથી નિળકવાને બદલે પશ્ચિમ દિશામાંથી નીકળે તો તે વખતે પણ તૌબા કબૂલ થશે નહીં.

હમણા તૌબા કબૂલ થવાનો સમય છે. જ્યારે પણ સાચા દિલથી ઈન્સાન તૌબા કરશે તો અલ્લાહ તઆલા તેના ફરમાન મુજબ તૌબા કબૂલ કરી બંદાને ગુનાહોથી પાક સાફ કરી દેશે.

અલબત્ત, જ્યારે જીવનનો દીપ બુજાવવા લાગે અને જિંદગીની ઉમ્મીદ ખત્મ થઈ જાય અને મૌતનો ફરિશ્તો દેખાવવા લાગે અને પ્રાણ હલકમાં આવી જાય અને સકરાત શરુ થઈ જાય તો તે વખતની તૌબા કબૂલ થતી નથી.

## મૃત્યુ પામનારનો માલ:

માણસ જ્યારે મરણ પામે છે ત્યારે જે વસ્તુઓ પર તેનાં જીવનકાળ દરમ્યાન કબજો હતો તે તમામ વસ્તુઓને તરકહ કેહવામાં આવે છે. તરકહનો અર્થ (મરણ વખતે છોડેલી વસ્તુઓ, વારસો મિરાસ) થાય છે.

એટલે મરનારનું ઘર, ઘરનો તમામ સામાન, દુકાન, ખેતર, બાગ-બગીચા, રુપિયા, સોના-ચાંદી તથા ઘરેણાં, અનાજ, બિસ્તરા, કપડાં વગેરે.

મતલબ એ કે મરનારની મિલકતમાં જે કંઈ હોય તે તમામ તરકહ ની વ્યાખ્યામાં ગણાશે. અંતમાં મરનારના શરીર પર જે કપડાં હોય છે તે સુધ્ધાં તરકહમાં શામિલ છે.

## મય્યિતના માલમાં લાગુ પડતા હકોઃ

મય્યિતના તરકહ (છોડેલા માલ) માં ચાર પ્રકારના હક લાગુ પડે છે. જેની વિગત આ પ્રમાણે છે.

૧. કફન–દફનઃ એટલે મય્યિતના કફન દફન ખર્ચ

૨. કફન–દફન કર્યા પછી જે માલ બચે તે મય્યિતનું જો કર્ઝ (દેવું) હોય તો અદા કરવું.

૩. કર્ઝ અદા કર્યા બાદ જે માલ બચે તેનાથી મરનારે જો વસિય્યત કરી હોય તો ૧/૩ માલમાંથી મૈય્યિતની વસિય્યત પુરી કરવી. ત્રણેય ચીઝોમાં માલ પુરો થઈ જાય તો વારસદારોને કંઈ પણ હક્ક મળશે નહીં.

૪. કફન–દફન અને કર્ઝ અને વસિય્યત પુરી કરી જે માલ વેચે તો તેને તમામ વારસદારોના વચ્ચે તેમના હક્ક પ્રમાણે વહેંચવો.

નોટઃ મય્યિતના તરકહ ને ઉપર મુજબ ના ચારે હકો પર તરતીબથી અમલ કરવો જરુરી છે. ઉપર લખવા મુજબની તરતીબ પર અમલ કરવામાં કોઈ ફેરફાર કરવો દુરસ્ત નથી.

જો મરનારનો તરકહ મય્યિત હક અદા કરવામાં ખતમ થઈ જાય અને કર્ઝ અદા કરવાનું બાકી રહી જાય, તો લેણદાર એક હોય અથવા અનેક હોય તો તેમનું કર્ઝ જો વારસદારો પોતાના તરફથી અદા કરશે તો મય્યિતનું કર્ઝ અદા થઈ જશે અને વારસદારોને ઘણો અજરો સવાબ મળશે.

જો વારસદારો મય્યિતનું કર્ઝ તરકહ ન બચવાથી અદા ન કરે તો લેણદારોને કહેવામાં આવશે કે કર્ઝદાર મય્યિત હવે દુનિયામાં નથી, તમે ચાહો તો તેને માફ કરી દો, અલ્લાહ તેનો અજર આપશે અને જો માફ ન કરો તો આખિરતમાં કર્ઝદારથી પોતાનું કર્ઝ વસૂલ કરી લેજો.

(મસાઈલે મીરાષ વઅહકામે મીરાષઃ ૨૧–૨૪)

મય્યિતના માલમાંથી લોકોની મેહમાની અને મેહમાનોને ખવડાવવું, પિવડાવવું, સદકો-ખૈરાત કરવી જાઈઝ નથી. કારણ કે મરનારનો માલ મૃત્યુ પછી વારસદારોનો થઈ ગયો હવે બધો માલ મૈય્યતના હક અદા કરી વારસદારોમાં વહેંચી દેવો જોઈએ.

હા, વારસદારોને પોતાના મળેલા હિસ્સાના માલમાંથી અથવા પોતાના અલગ માલથી ખર્ચ કરવું દુરસ્ત છે.

એવી જ રીતે અમુક વારસદારો તકવાના જોશમાં આવી સહિયારા વારસાના માલમાંથી મય્યિતની વસિય્યત વગર નમાઝ, રોઝાનો ફિદયો અદા કરે છે. તે દુરસ્ત નથી. જો મરનારે વસિય્યત કરી હોય તો વારસા વહેંચણી પહેલા ૧/૩ માલમાંથી અદા કરવો પડશે.

જો વસિય્યત ન કરી હોય અને વારસદારો ફિદયો આપવા ચાહે તો પોતાના માલમાંથી આપી શકે છે. (ઈસ્લાહે ઈન્કિલાબ - ૨૪૦)

એવી જ રીતે એક માણસ કોઈ બીમારની સેવાચાકરી કરે છે. તેની પાછળ પોતાનો પૈસો ખર્ચ કરે છે. અને તે બીમારના સગા વ્હાલાઓએ બીમારથી દુર રહી અથવા દુશ્મનાવટ રાખી તેના ઘર તરફ જોવા પણ નથી આવતા. છતાંય આ બીમાર માણસના મરવાથી વારસદાર સગાઓ જ તેના વારસામાં હકદાર ઠરશે. તે સેવા ચાકરી કરનાર અને પોતાનો ખર્ચ કરનાર બિન વારસદાર વારસામાં હક પામશે નહીં. હા તેને આ સદકાર્ય બદલ આખિરતમાં ઘણો મોટો સવાબ અને દરજ્જો જરુર પ્રાપ્ત થશે.

જો મરનાર પોતાની સેવા કરનાર માણસ માટે વસિય્યત કરી જાય તો મરનારના માલના ત્રીજા ભાગમાંથી તેને વસિય્યત પ્રમાણે હિસ્સો મળશે.

## શરીઅતમાં સ્ત્રીઓનો વારસાહક:

મુસ્લિમ સમાજે વારસામાં જે હકો સ્ત્રીઓના છે, તેમાંથી તેઓને પારકા ઘરનો દીપ સમજી વંચિત કરી દીધી છે. એના બધા ભાઈઓ એનો ભાગ પચાવી જાય છે. તે બદલ અમુક રકમ તેમજ વર્ષ ટાંકણે કપડાં અથવા થોડું ઘણું મોસાળ રુપે આપી તેને રાજી કરી લે છે. બાપની હયાતીમાં તેનો પણ છોકરા જેટલો જ હક છે.

હુઝુર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમનો ઈર્શાદ છે તમારી ઔલાદમાં બરાબરી કરો. (મશારિકુલઅન્વાર હદીસ-૧૮૫૬)

બાપના અવસાન બાદ પણ એને શરીઅતના હુકમ પ્રમાણે હક મળે છે. કુર્આનના કથન અનુસાર છોકરાના હિસ્સાથી અડધો હિસ્સો છોકરીઓનો હોય છે.

આજે આપણા સમાજમાં વધુ પડતા લોકો કુર્આન અને હદીસના ઉચ્ચ આદેશોને ત્યાગી સ્ત્રીઓને વારસાથી વંચિત રાખે છે એ બાબતે તેઓ જરાપણ સંકોચ અનુભવતા નથી, જાણે કે મા-બાપના માલ મિલકત ફકત છોકરાઓ માટે જ હોય અને છોકરીઓને શરીઅતે વંચિત રાખી હોય એવું સમજી બેઠા છે. આ એકનરી અજ્ઞાનતા છે. જેના જવાબદાર આજ નહીં તો કયામતના દિવસે આપણે થવું જ પડશે.

ન્યાયપૂર્ણ વહેચણીને પરંપરા તરીકે સ્વીકારી લીધી હોય એવું થયું નથી. ઈબાદતના ક્ષેત્રે કંઈક પરિવર્તન આવ્યું છે. પણ વહેવાર અને રોઝીની પવિત્રતા અને બંદાઓના હકોની અદાયગીમાં ખાસ બદલાવ આવ્યો નથી. એના પર આલિમો, સમાજ સુધારકો, ઈસ્લાહી સંસ્થાઓએ ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

દીનથી અજ્ઞાની હોવાને કારણે વર્તમાન યુગમાં મુસલમાનોની હાલત આશ્ચર્યજનક છે. ખાસ કરીને "સ્ત્રીઓના વારસા અધિકારમાં" તો સમજી વિચારીને અજાણતા અને અજ્ઞાનતાનો દેખાવ કરી મા-બહેનોના હક હિસ્સા હડપ કરી જવાના કારસા રચતા હોય છે.

જહન્નમથી મુકત થવા માટે નમાઝ રોઝાને જ પુરતા સમજી મા, બેટી, બહેન, વિધવા, યતીમો અને સ્ત્રીઓના અધિકારો છીનવી બેઠા છે અને વારસાના મસ્અલાઓ અપ્રચલિત થઈ ગયા છે.

દીનદાર મુસ્લિમોના ઘરેથી પણ વારસામાં હક આપવાના મસ્અલાઓએ વિદાય લીધી છે. જેથી અન્ય ધર્મો વાળાઓ પણ એમ સમજી બેઠા કે ઈસ્લામે સ્ત્રીઓને કોઈ હક આપ્યા જ નથી. આપણે તો સાચા મુસ્લિમ બની અન્ય ધર્મીઓ માટે નમુનારુપ બનવાનું હતું.

મૃત્યુ પહેલા વારસદારોને તેમના હક શરીઅતના હુકમ મુજબ અદા કરવાની વસિય્યત કરવી જરુરી છે.

## પોતાની હયાતીમાં વારસા વહેંચણી કરવા વિષે ખુલાસો:

કોઈ માણસ પોતાની હયાતીમાં જ શરીઅત મુજબ મિલકતની વહેંચણી કરવા ચાહે તો કરી શકે છે. પરંતુ હયાતીમાં મિલકતની વહેંચણીને વારસા વહેંચણી નહી કહેવાય. તે એક પ્રકારની બક્ષિસ લેખાશે. આ પ્રમાણે કરવું જાઈઝ છે.

હયાતીમાં વહેંચતી વખતે એક છોકરાને બે છોકરીઓ જેટલો માલ આપવાનો નિયમ ચાલશે નહી. પરંતુ છોકરા- છોકરીને એક સરખો જ ભાગ મળશે. પોતાની હયાતીમાં છોકરી કરતાં છોકરાને ડબલ આપવાની મનાઈ છે. (ઈસ્લામી વારસા વહેંચણી-૬૦)

વધુ વિગત ફિકહની કિતાબોંમાં જોઈ શકાય છે અથવા મુફતી સાહેબોનો સંપર્ક કરવો જરુરી છે.

## કેટલીક નકામી જાલિમાના માન્યતાઓ:

આપણા સમાજમાં ઘણા દીનથી અજ્ઞાન વ્યકિતઓ એવું માની બેઠા છે કે છોકરાઓને જ બાપનો વારસો મળે, તેના સિવાય બીજા કોઈને મળે નહીં છોકરી તો પારકા ઘરનો દીપ છે. એ આપણને કયાં કમાઈને ખવરાનાર છે? ઘડપણની કઠીન ઘડીઓમાં સહારો આપનાર તો છોકરો જ છે. તેમજ દરેક પ્રકારની સમસ્યાઓના ઉકેલમાં પણ મદદરુપ બની શકે છે.

આવી માન્યતાઓને ખોટી ઠરાવતા કુરઆનમાં ફરમાવ્યું કે જે હિસ્સા ઔરતો અને મર્દો માટે અમે નક્કી કર્યા છે. તે જ બરાબર છે.

કેટલાક ભાઈઓ એવી દલીલ કરે છે કે સ્ત્રીઓ જો પોતાનો હક માગતી ન હોય અને માફ કરાવવાથી માફ કરી દેતી હોય તો પછી એમને આપવું કયાં જરુરી રહે છે? એ વાત પણ યાદ રાખવી જોઈએ કે તેઓનું માફ કરવું ભરોસાપાત્ર નથી. તેઓ એમ સમજે છે કે જ્યારે આપણને કંઈ આપવામાં આવતું જ નથી. તો માંગણી કરવાથી શું ફાયદો ?

માંગવાથી કડવાશ ઉભી થાય સબંધો બગડે પિયરમાં આવવા જવાનું બંધ થઈ જાય. આ બધી વિમાસણોને લઈ તેઓ પોતાના હકોની માંગણી કરતી નથી. જાહેરમાં માફ કરે છે. પરંતુ તેમનું દિલ રાજી હોતું નથી. મા-બાપનું ઘર છૂટી જવાની બીક રાખે છે. એટલે એમની માફી ભરોસાપાત્ર ઠરતી નથી.

છોકરીઓને બાપના માલમાંથી જેમ હિસ્સો મળે છે એજ પ્રમાણે તેની મા ના માલમાંથી પણ હિસ્સો મળે છે. તેમજ નજીકના સગાઓના માલમાંથી પણ કોઈ અવરોધ ન હોય તો હિસ્સો મળે છે.

મિરાસનો માલ વારસદારોંમાં ન વહેંચવામાં મહાન અજાબ અને વબાલની વઈદો હોવાં છતાં બાપના મરણ પછી જે બેટાઓ હોંશિયાર અને વેપાર ધંધો કરતા હોય તેઓ નાના અને કમઝોર ભાઈ બહેનોને તેમનો હક આપતા નથી અથવા બહુ ઓછો આપી છૂટકારો મેળવી લે છે. આવી હરકત કરનારાઓ માટે કુદરતી એવા ફેંસ્લા અને સંજોગો ઉભા થાય છે કે તેઓનો નાહક કબ્જે કરેલો માલ બિમારીઓ, મુસીબતો અને બલાઓમાં પાણીની જેમ વપરાય છે.

પછી તે બલાઓથી છૂટકારો મેળવવા તાવીઝો લેવા દોડે છે, પાણી દમ કરાવે છે, બકરાના સદકા આપે છે હાલાં કે તે મુસીબતો અને બલાઓ ફકત ભાઈ-બહેનોના હક અદા કરવાથી જ દુર થઈ શકે છે. આ મુસીબતો ફકત ડરાવવા માટે આવે છે કે હજુ સમય છે. જાગી જાવ.

## વારસો: (મરનારની મિલકત)

કુર્આન અને હદીસોમાં વારસા વહેંચણીનો ઉલ્લેખ જે મહત્તા અને ભારપૂર્વક કરવામાં આવ્યો છે, તે એના ફર્ઝ (જરુરી) હોવાનો નિર્દેશ કરે છે. એટલા જ માટે ઉલમાએ કિરામે જણાવ્યું છે કે વારસો વહેંચવો ફર્ઝ છે અને તેના ફર્ઝ હોવાનો ઈન્કાર કરવો કુફ્રના દરજા સુધી પહોંચાડી આપે છે અને ફર્ઝ માનવા છતાંય તેના પર અમલ ન કરનાર ફાસિક (મહાન ગુનેગાર) ગણાય છે.

## શરીઅત પ્રમાણે વારસા વહેંચણી કોને કહેવાય:

વારસા વહેંચણી સહી અને દુરસ્ત રીતે વહેંચવા માટે દરેક વારસદારનો સાબિત થતો હક અલગ કરી તેને કબજો આપી દેવો જરુરી છે.

વારસા વહેંચણીમાં જ્યાં સુધી દરેક હકદારનો હક અલગ કરવામાં ન આવે ત્યાં સુધી વહેંચણી મોઅતબર નથી. હિસ્સા અલગ કર્યા સિવાય તે માલ સહિયારો ગણાશે.

જયારે કોઈ સ્ત્રી મૃત્યુ પામે અને તેની મહેર હજુ ઘણી (શોહરે) ચુકવવાની બાકી હોય તો માલ મિલ્કતની વહેંચણી પ્રમાણે તેની મહેરની પણ વહેંચણી થશે. સંતાન ન હોય તો ઘણીનો જ અર્ધી મહેર ઉપર વારસદાર રુપે હક થશે અને બાકીની અર્ધી મહેર સ્ત્રીના બીજા વારસદારો ઉપર વહેંચાશે. (મુફીદુલ વારિસીન-૧૯૯)

વધુ પડતો રિવાજ એવો છે કે મરતી વખત ઔરત મહેર માફ કરે છે અથવા કરાવવામાં આવે છે એ માફ કરવું કરાવવું દુરસ્ત નથી.

(દુર્રે મુખ્તાર)

વારસા વહેંચણીમાં જ્યાં સુધી દરેક હકદારનો હક અલગ કરવામાં ન આવે ત્યાં સુધી વહેંચણી મોઅતબર નથી. હિસ્સા અલગ કર્યા સિવાય તે માલ સહિયારો ગણાશે.

એવી જ રીતે અમુક વારસદારો પોતાનો હિસ્સો અલગ કરી લે, પરંતુ બીજા વારસદારોને તેમનો હિસ્સો મંજૂર ન હોય તો તે વહેંચણી માન્ય ગણાશે નહિં. (ઈમ્દાદુલ ફતાવા:૪૭૦)

## <u>વારસા વહેંચણી ફત્વો પૂછીને જ કરવી:</u>

દરેક કુટુંબમાં વારસદારોના હક નક્કી કરવામાં મરનારની આર્થિક હાલત, દેવું તથા વસિય્યતો તથા વારસા હક ધરાવતા સ્ત્રી પુરુષોની સંખ્યા, હયાત કે મર્હૂમ, બાલિગ કે સગીર વયના છે. આ બધી બાબતો સામે રાખીને મુફતી સાહેબ શરીઅત મુજબ દરેકનો હિસ્સો નકકી કરે છે માટે ફત્વો પૂછતી વેળા આ બધી વિગત મુફતી સાહેબને જણાવવી જરુરી હોય છે. જેથી તમામ વિગતો જણાવી ફત્વો મેળવવા દારુલ ઉલૂમના ફતાવા વિભાગનો સંપર્ક કરો.

દરેક કુટુંબમાં મરનારની સ્થિતિ ઉપર મુજબની બાબતોમાં અલગ અલગ હોવાથી વારસદારોના હિસ્સાઓમાં ફેરફાર થાય છે, માટે ફત્વો પુછીને જ વહેંચણી કરવી. જેથી શરીઅતના હુકમ મુજબ દરેકને હક મળી શકે.

જ્યારે ફત્વાનો જવાબ મળી જાય તો વારસદારો માટે જરુરી છે કે સૌ પ્રથમ જવાબ પ્રમાણે મીરાસ (વારસ વહેંચણી) નો બંદોબસ્ત કરવો જોઈએ.

ઉલમાએ કિરામની રાય છે કે માણસના મૃત્યુ પછી મસ્અલા પ્રમાણે તુરત જ વારસ વહેંચણી કરી દેવી જોઈએ. અને દરેક વારસદારોને તેનો હક અદા કરી દેવો જોઈએ.

જેટલું મોડું થાય છે તેટલા જ લડાઈ ઝઘડા અને કોર્ટ કચેરીઓમાં દાવા રચી આપસમાં ખેંચતાણ શરુ થઈ જાય છે.

દુન્યાના આવા બખેડાઓથી બચવા માટે તેમજ આખિરતમાં અઝાબ અને રુસવાઈથી બચવા માટે અલ્લાહનો ડર રાખી તેના હુકમ પ્રમાણે બંદાઓના હકો અદા કરી દેવા જોઈએ.

મરનારે બીમારીમાં અથવા તંદુરસ્તીમાં મૌખિક અથવા લેખિતમાં કોઈ વસિય્યત અથવા નસીહત કરી હોય તે પણ મુફ્તી સાહેબ સમક્ષ રજુ કરી શરીઅતના ફેસ્લા મુજબ અમલ કરવો જોઈએ.

છેવટે એ જ અપીલ છે કે આપણે આપણા માલોની સંપૂર્ણ ચકાસણી કરી લઈએ અને બીજાના નીકળતા હકો હકદારોને પરત કરી માફી માગી ગુનામાંથી મુકત થવામાં જરા પણ વિલંબ કરવો ન જોઈએ વધુ માહિતી પ્રાપ્ત કરવા આલિમોની મુલાકાત અથવા પત્ર વ્યવહાર પણ કરવો જરુરી છે.

ઈમામ ગઝાલી રહ. ફરમાવે છે કે જેવી રીતે આલિમને પુછવામાં આવશે કે તારા ઈલ્મ વિરુધ્ધ કેમ કર્યુ ? તેવી જ રીતે જાહિલથી પણ કહેવામાં આવશે કે **"તલબુલ ઈલ્મિ ફરીઝતુન"** જેવા હદીષના વર્ણન મુજબ દરેકને ઈલ્મ પ્રાપ્ત કરવું જરુરી છે. આ ફરમાન છતાંય તે પોતાને કેમ જાહિલ રાખ્યો અને ઈલ્મ હાસિલ કેમ ન કર્યુ ?

(અહયાઉલ ઉલુમ ભાગ-૨/૯૫)

## વારસા વહેંચણીમાં બેપરવાઈ

આજકાલ લોકો વારસા વહેંચણીમાં ઘણી જ બેફિકરી અને લાપરવાહી વર્તે છે. મરનાર તો હવે વહેંચી નથી શકતો મરનાર તો મરી ગયો હવે જેની લાઠી એની ભેંસ જેવો ઘાટ થાય છે. જેના હાથમાં ચાવીઓ હોય વહીવટ હોય તે જ બધા માલ પર કબજો જમાવી દે છે. ઘણા ખરા માલ છુપાવી પણ દે છે. બીજા વારસદારોને ખબર પણ નથી પડવા દેતા.

જેના કબજામાં વારસાનો બધો માલ આવી જાય તે માણસ તો વારસો વહેંચવાની બીકે વારસા વહેંચણીનો મસ્અલો ઉલમાને પૂછતા જ નથી. ઈલ્લા માશાઅલ્લાહ.

## વારસા વહેંચણીનો ફેંસલો શરીઅતના કાનૂન પ્રમાણે કરવો:

આપણા સમાજમાં જ્યારે વારસા વહેંચણી થાય છે તો ગામની બે ત્રણ મોભાદાર વ્યકિતઓ અથવા સબંધીઓને બોલાવવામાં આવે છે અને તેમના ફેંસ્લા અનુસાર ભાઈઓ બહેનો બાપની મિલકત વહેંચી લઈ રાજી રહે છે.

ફેસલો કરનારા અને વહેંચણી કરનારા પંચના આગેવાનોએ જાણી લેવું જોઈએ કે અલ્લાહને ઈન્સાફ પસંદ છે અને અલ્લાહતઆલા એ દરેક વારસદારનો હક્ક નક્કી કરી દીધો છે. માટે ફેંસલા અને વહેંચણી કાનૂને મિરાસના આધિન રહીને કરો. જેથી ભાઈઓ-બહેનો અને ફોઈઓને પોતાનો હિસ્સો બરાબર મળી રહે.

યાદ રહે! લડનારા કે વિવાદે ચઢેલા બે જુથો વચ્ચે ફેસલો કરવો અને સુલહ કરાવવી સવાબનું કાર્ય છે. જો ન્યાય કરીશુ તો અલ્લાહના પ્યારા અને સવાબના હકદાર બનીશું અને અન્યાય કરી દુનિયાના કાયદાઓ પ્રમાણે ફેંસલો કરીશું તો અલ્લાહ તઆલાના ના ફરમાન ઠરીશું અને અલ્લાહના અહકામના ના ફરમાનો માટે શું હોઈ શકે ? નાફરમાનનું ઠેકાણું જહન્નમ હશે.

વારસદારોનો હક અદા ન કરવાથી ઘણી વાર મજલુમોની બદદુઆ બીજા હલાલ માલને પણ ડુબાડી દે છે. જે દુનિયાનો અઝાબ છે. આખિરતનો અજાબ આનાથી વધુ ભયંકર છે. અલ્લાહ હિફાઝત કરે. આમીન...

આ બાબત ધ્યાનમાં રાખો કે વારસાહકમાં મેહરુમ (વંચિત) ના થાય એવા છ વારસદારો છે.

(૧) બેટા (૨) બેટી (૩) મા (૪) બાપ (૫) પતિ (૬) પત્નિ

નીચે લખેલી વ્યકિતઓને મય્યિતના માલમાંથી કંઈ મળશે નહીં તેમનો વારસામાં હક હોતો નથી.

(૧) સાવકા બેટા બેટીને ................ સાવકી માના માલમાંથી

(૨) મા ને .................................. સાવકા બેટાના માલમાંથી

(૩) પહેલા ધણી અને તેની ઔલાદને ..બીજા ધણીના માલમાંથી

(૪) બીજા ધણી અને તેની ઔલાદને.. પહેલા ધણીના માલમાંથી

(૫) જમાઈને ................................સાસુ સસરાના માલમાંથી

(૬) કાકીને ......................................... ભત્રીજાના માલમાંથી

(૭) માસીને ....................................... ભાણેજના માલમાંથી

(૮) દીયેર જેઠને ..................................... ભાભીના માલમાંથી

(૯) દોસ્તને ............................................ દોસ્તના માલમાંથી

(૧૦) સાસુ સસરાને .....................................વહૂના માલમાંથી

(૧૧) લેપાલક છોકરાને ....................... દત્તક લેનારના માલમાંથી

(૧૨) સ્ત્રીના પિયરના સગાંઓને ........... તેના ધણીના માલમાંથી

(મિરાસુલ મુઅમિનીન)

## વસિય્યત કરનાર ના મરણ પછી

- ✪ વસિય્યત કરનારની મૌત પછી સૌ પ્રથમ મય્યિતનું કર્ઝ અદા કરવામાં આવે કર્ઝ અદા કર્યા પછી જ ૧/૩ માલમાંથી બીજી વસિય્યતો પુરી કરવામાં આવે.
- ✪ જે માણસે નમાઝ, રોઝા, ના ફિદયા અદા કરવાની અને હજ્જે બદલ અદા કરવાની વસિય્યત કરી હોય તો ૧/૩ માલમાંથી વસિય્યત પૂરી કરવી વાજિબ છે. જો માલ ન છોડયો હોય તો વારસદારોની મરજીની વાત છે. ચાહે વસિય્યત પર અમલ કરે અથવા ન કરે.

## હજ્જે બદલની વસિય્યત

- ✪ એવીજ રીતે મરનારે જો હજ્જે બદલની વસિય્યત કરી હોય તો તે તેના તરફથી હજ્જે બદલ કરવા માટે કોઈને મોકલવામાં આવે અને હજ અદા કરવા માટે ત્રીજા ભાગનો માલ ખર્ચ માટે પૂરતો ન હોય અને બાલિગ વારિસો પોતાની પાસેથી જરુરત પ્રમાણે ત્રીજા ભાગ કરતાં વધારે રકમ આપી દે તો બેહતર છે. પરંતુ આ તેમના પર વાજિબ નથી.
- ✪ કેટલીક વખત વારિસ મરનારની હજ્જે બદલ કરાવવાની વસિય્યત કરવા છતાંય હજ્જે બદલ નથી કરાવતા અને માલ પોતે જ ખાય જાય છે એવું કરવું હરામ છે. વફાદારીનો તકાઝો તો એ છે કે જો મરનાર વસિય્યત ન કરે તો પણ તેના તરફથી હજ્જે બદલ કરાવી દે.
- ✪ જે માણસે નાદાનીમાં પોતાના છૂટેલા નમાઝ, રોઝા, ના ફિદયહ આપવાની વસિય્યત ન કરી હોય અથવા મૌકો ન મળ્યો હોય તો બહેતર છે કે વારસદારો પોતાના માલથી ફિદયહ અદા કરે અને તેને આખિરતની પકડથી બચાવે. વારસદારોને અલ્લાહ અજર આપશે.

- ૨મઝાનના એક રોઝાનો એક ફિદયહ આપવો.
- સદકએ ફિત્ર બાકી હોય તો ગણતરી મુજબ અદા કરવા.
- સિજદએ તિલાવત બાકી હોય તો ફિદયહ અદા કરવો વાજીબ નથી. એહતિયાતન અદા કરે તો દરેક સિજદહના બદલામાં એક ફિદયાહની માત્રા અદા કરવી.
- મન્નતના રોઝા બાકી હોય તો તેના ફિદયહ અદા કરવા.
- ઝકાત અદા કરવાની બાકી હોય તો ગણતરી મુજબ અદા કરવી.
- ઈદની કુરબાની બાકી હોય તો જાનવરની કિંમત પ્રમાણે સદકહ કરવો.
- કસમના કફ્ફારા અદા કરવાના બાકી હોય તો મૃત્યુ થવાથી માફ થતા નથી. માટે તેનો બાકી કફ્ફારો તેના છોડેલા માલમાંથી વારસદારોએ અદા કરવો જોઈએ.
- બીજી અન્ય વસિય્યતો જે જરુરી હોય તે અદા કરવી.
- મરનારના શિરે કોઈ કર્ઝ અદા કરવાનું બાકી હોય તો મર્હૂમના માલમાંથી પ્રથમ કર્ઝ અદા કરવું જરુરી છે. ચાહે કર્ઝ અદા કરવાની વસિય્યત કરી ન હોય.
- મરનારની વસુલ કરવાની રકમ કોઈના પાસે હોય તો તે પરત લેવી.
- જો લોકોની અમાનતો હોય તો પરત કરવી.
- મરનારની અમાનતો બીજા પાસે હોય તે વસૂલ કરવી.
- મર્હૂમની પત્નીની મહેર બાકી હોય તો અદા કરવી.
- ગરીબ રિશ્તેદારોની મદદ તથા મસ્જિદ મદ્રસહ તથા દીની દુન્યવી તાલીમ માટે સહાય કરવાની વસિય્યત કરી હોય તો ૧/૩ માલમાંથી અદા કરવી.

- એક ફર્ઝ કે વિત્ર નમાઝનો ફિદયહ એક સદકએ ફિત્ર બરાબર એટલે કે (૧ કિલો ૬૬૬ ગ્રામ ઘઉ) અથવા તેની કિંમત અદા કરવી.
- એક રોઝાનો ફિદયહ પણ એક સદક એ ફિત્ર બરાબર આપવો જોઈએ.
- ફર્ઝ હજ્જ બાકી હોય તો હજ્જે બદલ કરવાની વસિય્યત કરવી જોઈએ. હજ્જે બદલનો ખર્ચ પણ વર્તમાન સમયના ખર્ચ પ્રમાણે આપવો જોઈએ.
- ફિદયહનું અનાજ અથવા તેની રકમ ગરીબ અથવા મિસ્કીનને આપવું.
- સ્થાવર અને જંગમ મિલકત સોના-ચાંદી તથા રોકડ રકમ તથા અન્ય ચીઝ વસ્તુઓનું લિસ્ટ તૈયાર કરવું જેથી વારસદારોને તેમનો હક પૂરેપૂરો મળી શકે અને કોઈ મિલકત બીજા વારસદારો છુપાવી કે દબાવી શકે નહીં.
- મિલકતના દસ્તાવેજો, કરાર લેખો, બક્ષીશ લેખો તથા બીજી લેવડ દેવડના કાગળોની વિગત તથા ઠેકાણું લખી તૈયાર રાખો.
- મૃત્યુ પછી વસિય્યત પર ચોક્કસ રીતે અમલ થાય તે માટે બે ત્રણ ઈમાનદાર ભરોસાપાત્ર વ્યક્તિઓ નામ લખી તેમને જવાબદારી સોંપવી.
- ઉપર લખેલી વિગતો લખીને તૈયાર રાખો જે વિગત આપને લાગુ પડે તેની જવાબદારી શકય હોય તો પોતે અદા કરો.
- જે વસિય્યત શરીઅત વિરુધ્ધ કામોનો હુકમ લખેલો હોય તેના ઉપર અમલ ન કરવો જોઈએ. જેવી રીતે કે મારા મરણ પછી મારી કબરને પાકી બનાવશો અથવા કબર ઉપર કુબ્બો બનાવશો અથવા કબર પર કોઈ હાફિજી બેસાડી દેશો, જે કુર્આન પઢીને બખ્શતા રહે. આવી વસિય્યતો પૂરી કરવી જાઈઝ નથી. બલ્કે પૂરી કરનાર ગુનેહગાર થશે.

(બેહશ્તી ઝેવર-૩૭૯)

- ✪ જે વારસદારો શરીઅતના હુકમ મુજબ મૃત્યુ પછી વારસાના હકદાર છે તેની વિગત તૈયાર કરી મુફ્તી સાહેબ પાસે વારસા વહેંચણીનો ફત્વો લઈ વારસદારોને તેમનો પૂરો હક અદા કરવાની તાકીદનું વર્ણન કરવું.
- ✪ પોતાની હયાતીમાં જે નેક કામો, લિલ્લાહ, સદકાહ ખયરાત વિગેરે કરવા હોય તો પોતે મૌત પહેલાં અદા કરી દે તો વધુ બેહતર છે.
- ✪ અલ્લાહતઆલા એ ધન દૌલત અર્પણ કરી હોય તો કોઈ જમીન, મકાન રોકડ રકમ મસ્જીદ, મદ્રસાઓમાં તથા દીની કાર્યોમાં વારસદારોને મેહરુમ કર્યા સિવાય ખર્ચ કરવામાં આવે તો કયામત સુધી સદક-એ-જારિયહનો સવાબ મળતો રહેશે.
- ✪ ખુશનસીબ છે તે બંદાઓ કે જે નેક કાર્યોમાં માલ ખર્ચ કરી આખિરતનું ભાથું બાંધીલે.

## અંતમાં કેટલાક જરુરી મસ્અલા:

- ✪ ઔરત મૃત્યુ પામે અને એના પતિ હયાત છે. તો પતિએ પોતાની રકમમાંથી કફન દેવું જરુરી છે. તેના ભાઈથી અથવા ઓરતના છોડેલા માલમાંથી લેવામાં આવશે નહીં. પતિ હયાત ન હોય તો જ ઓરતના છોડેલા માલમાંથી કફન દફન કરવામાં આવશે. (મુફીદુલ વારિસીન-૩૦)
- ✪ સામાન્ય રીતે ઘણા માણસો મર્હુમના મૃત્યુ પછી વારસો વહેંચતા જ નથી અને બધા હળીમળીને ખાતા પીતા રહે છે. વારિસોમાં યતીમ બાળકો પણ હોય છે. તેમનો માલ પણ બીજા ખાઈ પીને બરાબર કરી દે છે. એવું કૃત્ય કરનારાઓ માટે કુરઆન મજીદમાં ફરમાવ્યું છે. એ લોકો પોતાના પેટોમાં દોઝખની આગ ભરે છે. (સુરએ નિસા-૧૦)

✪ મરનારના કપડાં - વાસણો વિગેરે ખયરાત કરી દેવામાં આવે છે. જે વારિસોની ઈજાઝત વગર ખયરાત કરવું હરગીઝ જાઈઝ નથી અને જો વારિસોમાં કોઈ નાબાલિગ (સગીર) હોય ત્યારે તો પરવાનગી આપવા છતાં એ પ્રમાણે કરવું જાઈઝ ન થશે. પ્રથમ માલની વહેંચણી કરે પછી બાલિગ (પુખ્ત વયના) વારિસો પોતાના હિસ્સામાં જે ચાહે શરીઅતના પ્રમાણે ઈસાલે સવાબ માટે ખર્ચ કરે.

✪ કેટલીક જગ્યાએ વારસા વહેંચણી કર્યા સિવાય સંયુકત માલમાંથી તીજયું. દસમું ચાલીસમું કરવામાં આવે છે. વરસ પુરું થયે વરસી ઉજવવામાં આવે છે. આ બધી રસ્મોનું બિદઅત હોવું તો બધાને ખબર છે. પરંતુ મીરાસ (વારસાના) સંયુકત માલમાંથી ખર્ચ કરવો એ અલગ ગુનો છે.

✪ વારસોના સંયુકત માલમાંથી લોકોની મેહમાનદારી, સરભરા સદકહ-ખયરાત વિગેરે કરવું જાઈઝ નથી. કારણ કે મર્હૂમના મૃત્યુ પછી હવે તેનો બધો માલ વારિસોનો થઈ ગયો. વારસા વહેંચણી કર્યા પછી દરેકને ઈખ્તિયાર છે કે પોતાના હિસ્સામાંથી શરીઅત પ્રમાણે ઈસાલે સવાબ કરી શકે છે.

✪ મર્હૂમના મૃત્યુ પછી વારસ મિલ્કત વારસદારોમાં શરીઅતે નક્કી કરેલા હિસ્સા પ્રમાણે જયાં સુધી વહેંચાય નહીં ત્યાં સુધીએ મિલ્કત ગેર મમ્લુક એટલે કે માલિક વગર ગણાય છે. તેમાં દરેક વારસદારનો હિસ્સો લાગું હોઈ વારસદારોની રજામંદી હોવા છતાં વહેંચણી ન કરવી શરીઅત વિરુદ્ધ છે. હકદાર વારસદારોને તેનાં હિસ્સા પ્રમાણે વહેંચવી અહમ અને જરુરી કામ છે.

✪ મિરાષના અહકામનું વર્ણન કુરઆન અને હદીષમાં ખૂબ જ વિસ્તાર પૂર્વક અને તાકીદ થી બયાન કરવામાં આવ્યું છે. માટે વારસા વહેંચણી અલ્લાહ ત્આલા તરફથી મુકરર કરેલા ફર્ઝોમાંથી એક અહમ ફરઝ છે. એવું માની લેવું કે બધા મહોબ્બતથી સાથે હળીમળીને રહે છે પછી વારસા વહેંચણીની શી જરુર છે? એવું માની વારસા વહેંચણી ન કરવી શરીઅત વિરુધ્ધ કાર્ય છે જે દુરસ્ત નથી.

## આસાન રીતઃ

કિતાબમાં જે કંઈ મસાઈલ વર્ણન કર્યા છે તે શરીઅતના હુકમોને આધીન નકલ કરવામાં આવ્યા છે. છતાંય બેદીનીના માહોલમાં લોકો એમાં તંગી મેહસુસ કરશે. પરંતુ શરીઅતના અહકામને બયાન કરવા જરુરી છે અને તેના ઉપર અમલ કરવો લાઝિમ છે.

કિતાબમાં જે કંઈ વર્ણન કરવામાં આવ્યું છે, તે અલ્લાહની હદ બંદીઓ છે. અલ્લાહ તઆલાના કાનુનોને તોડવા અને શરીઅતની મર્યાદા તોડવી એ બગાવત છે, અને શરીઅતના કાનુનની પેરવી કરવી, અમલ કરવો અલ્લાહ તઆલાની રઝામંદી અને બન્ને જહાનમાં કામ્યાબીનો ઝરીયો છે.

મર્હૂમના મૃત્યુ પછી વારસાઈમાં શરીઅતના હુકમો પર અમલ કરી શરીઅત વિરુધ્ધ કાર્યોથી બચવા માટે એક આસાન રીત આ ્પ્રમાણે છે.

મર્હૂમના મૃત્યુ પછી કફન-દફન થી ફારિગ થયા બાદ મર્હૂમના તમામ માલનું મુલ્ય (કીંમત) લગાવવામાં આવે અને બાળકો, વિધવાઓ તેમજ ગેરહાજર વારસદારોનો જે હિસ્સો નીકળતો હોય તે શરીઅત ના હુકમ પ્રમાણે અલગ કરવામાં આવે અને નાબાલિગ (સગીર) ઔલાદનો હિસ્સો તેના વાલીને સોંપી દેવામાં આવે અને વિધવાનો હિસ્સો તેને સોંપી દેવામાં આવે. ગેરહાજર વારસદારોનો હિસ્સો અમાનત તરીકે સુરક્ષિત કરી દેવામાં આવે અને બાલિગ વારસદારો પોતાનો વહેંચી લે.

યાદ રહે કે મર્હૂમના વાસણો, કપડાં, ફર્નિચર, મકાન, દુકાન, ખેતર વિગેરે તમામ મિલ્કતોમાંથી દરેક વારસદારને તેના ભાગ પ્રમાણે વહેંચાશે મતલબ કે જે માલ જાયદાદ વહેંચી શકાય તે દરેકને તેના હિસ્સા પ્રમાણે આપી દેવી. અને જમીન, જાયદાદ વગેરેની વહેંચણીની રીત ફિકહની કિતાબોમાં બયાન કરેલી છે. જે આલિમો-મુફતીઓ જાણે છે.

## વસિય્યત લખવાનો તરીકો

વસિય્યત લખવા માટે બેહતર અને આસાન તરીકો એ છે કે એક નોટ લાવી તેના ઉપર “વસિય્યતનામું અને જરુરી વિગતો” મોટા અક્ષરે લખવું તથા પોતાનું નામ સરનામું વિગેરે લખવું.

ત્યાર બાદ તરીકએ વસિય્યત કિતાબમાં લખેલી બાબતો જે લાગુ પડે તે લખવી.

અમુક બાબતો જેમાં મૃત્યુ પહેલાં ફેરફાર થવાની શકયતા હોય તો પેન્સીલથી લખવું જેથી રબરથી લુંછી ફેરફાર કરી શકાય.

વસિય્યતનામું લખી ઘરનાં બાલ-બચ્ચાઓને તથા અંગત સગા સ્નેહીઓને બતાવી દેવું અથવા એક નકલ આપવી. જેથી મૃત્યુ પછી વસિય્યતની વાતો પર અમલ કરવો આસાન બને.

વસિય્યત કરનારની સરળતા માટે અનેક કોઠાઓનાં નમુના રજું કરવામાં આવ્યા છે. તે મુજબ વિગતો લખીને તૈયાર કરો.

વસિય્યતનામું લખી તૈયાર કરી મોઅતબર આલિમ-મુફતી સાહેબને બતાવી ખરાઈ કરી લેવી બેહતર છે.

# કોઠાઓના નમુના

## કઝા ઈબાદતોનો કોઠો ફિદીયા સાથે લખોઃ

| વિગત | ટોટલ | કિ.ગ્રામ-(ઘઉં) અથવા કીંમત |
|---|---|---|
| કઝા-નમાઝો (ફર્ઝ અને વિત્ર સાથે) | | |
| કઝા રોઝા (ફર્ઝ) | | |
| સિજદએ તિલાવત | | |
| સદકએ ફિત્ર | | |
| કસમ ના કફ્ફારા | | |
| માનેલી મન્નતો પુરી કરવી | | |

- ✪ એક ફિદયાનું વજન (૧ કિલો ૬૬૬ ગ્રામ) ઘઉં છે અથવા તેની કીંમત આપવી.
- ✪ ફિદયા ના ઘઉં અથવા તેની કીંમત તથા કુર્બાની વગેરેની જે કિંમત અદાયગી વખતે ચાલતી હોય તે મોઅતબર છે.
- ✪ હજ્જે બદલનો જવા આવવાનો ખર્ચ પણ સફરમાં જવાના ટાઈમના ખર્ચ પ્રમાણે હોવો જોઈએ.
- ✪ ફિદયાનું અનાજ અથવા રકમ ગરીબ અથવા મિસ્કીનને આપવું.

# રકમની લેવડ દેવડનો કોઠો

| વિગત | ટોટલ | રૂ.પૈસા |
|---|---|---|
| ઝકાત બાકી વર્ષોની | | |
| કુરબાની જેટલા વર્ષની બાકી હોય તેની કિંમત | | |
| હજ્જે બદલ કરાવવાનું ખર્ચ | | |
| કર્ઝ અદા કરવાનું છે. તેનું નામ તથા કર્ઝની રકમ | | |
| જેની પાસે કર્ઝ વસુલ કરવાનું છે. તેનું નામ તથા કર્ઝ વસુલાતની રકમ | | |
| અમાનત મુકેલી વસ્તુઓની વિગત અને તેનું નામ | | |
| અમાનત પરત કરવાની વિગત તથા તેનું નામ | | |
| બીજી અન્ય બાબતો અદા કરવી જેમ કે મહેર, વિગેરે. | | |

# મિલ્કત અને રોકડ રકમનો કોઠો

| વિગત | ટોટલ | રૂ.પૈસા |
|---|---|---|
| સ્થાવર અને જંગમ મિલ્કતનું વર્ણન-અન્ય સામાનની વિગત | | |
| રોકડ રકમની વિગત | | |
| અન્ય જરુરી વિગત | | |

# ૧/૩ માલમાંથી વસિય્યત કરવા ચાહે તેની વિગત

| વિગત | ટોટલ | રૂ.પૈસા |
|---|---|---|
| ગરીબ રીશ્તેદાર અથવા ગેર વારીસને રકમ આપવા બાબત | | |
| મસ્જીદ, મદ્રસા તથા દીની દુન્યવી તાલીમ માટે સહાયની વિગત | | |
| ફકીરો, મોહતાજોની ઈમ્દાદની વિગત | | |

પોતાની હયાતીમાં જે નેક કામો અને લિલ્લાહ, સદકા, ખયરાત, વિગેરે કરવા હોય તો પોતે મૌત પહેલા અદા કરી દે તો વધુ બહેતર છે.

# જરુરી કાગળો કેવા અને કયાં છે તેની વિગતો

દસ્તાવેજો, કરાર લેખો, બખ્શીષ લેખો, તથા બીજી લેવડ-દેવડના કાગળોની વિગત તથા સરનામું

# અધુરા કામોની વિગત

# ભરોસાપાત્ર ખાસ દોસ્તનું નામ,સરનામું

# પતિ-પત્નિની અંગત વસીયતો

| પતિની વસિય્યત | પત્નિની વસિય્યત |
| --- | --- |
| | |

# સગાઈ-વ્યવહાર કરવાની વસિય્યતો

# વસિય્યત પર અમલ કરનાર

| વસિય્યત પર અમલ કરાવનારનું નામ |
|---|
| |

- ✪ ઉપર લખેલા કોઠાની વિગતો લખીને તૈયાર કરો. જે વિગત આપને લાગુ પડે તેની વિગત લખો.
- ✪ અગર જીંદગી બાકી રહે તો ઉપરની વિગતોની જવાબદારીઓ પોતે અદા કરીદો.
- ✪ જે બાબતો બાકી રહે તેની વસિય્યત કરો. તેના ઉપર જવાબદાર વારસદારે વસિય્યત ઉપર અમલ કરવો.
- ✪ જે બાબત શરીઅત ખિલાફ હોય તો શરીઅત ના ફત્વા મુજબ અમલ કરવો.

## ગવાહ

| ગવાહોની સહી | સરનામું |
|---|---|
| ૧. | |
| ૨. | |

હું નીચે સહી કરનાર સભાન હાલતમાં કોઈની ધાક ધમકી દબાણ વગર મારા વારસદારોને વસિય્યત કરું છું કે મારા શિરે અલ્લાહતઆલાના અને બંદાઓના જે હક્ક વાજિબ છે તે શરીઅતના હુકમ મુજબ અદા કરશો. જેનું વર્ણન મેં પાછલા પૃષ્ઠોમાં લખ્યું છે.

વસ્સલામ

સહી........................................

હવે અમો કિતાબ રુપી મજલીસ પુરી કરી આપનાથી વિદાય લઈ રહ્યા છીએ બસ !

જે કંઈ નસીહતો અમલમાં મુકવી જરુરી હતી તે યથા શકિત પ્રમાણે પુરી કરી દીધી. તેના માટે કીંમતી સમય પણ લગાવ્યો.

અલ્લાહ તઆલા આપણને સૌને નેક આમાલ કરવાની તૌફીક અતા કરે.

આમીન યા રબ્બલ આલમીન.

વમા તવફીકી ઈલ્લા બિલ્લાહિ અલયહિ

તવકકલ્તું વઈલયહિ ઉનીબ.

અહકર

મૌ.શમ્સુલહક હાશિમ

ચાંગા–જિ.આણંદ–ગુજરાત

૨૫,રબી.અવ્વલ–૧૪૪૨ હીજરી

૧૧–૧૧–૨૦૨૦

بسم الله الرحمن الرحيم

હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈર્શાદ છે કે “મારા તરફથી પહોંચાડો ભલે ને તે એક જ વાત હોય,”

તમોપણ આ પુસ્તકનું મનન કરી એના સંદેશને શકય હોય તો અન્ય ભાઈઓ-બહેનો સુધી પહોંચાડો.

વારસા વહેંચણી અને વસિય્યત કરવા બાબતે ઈસ્લામના ભુલાવી દેવાયેલા આદેશને જીવંત કરવા તથા હકદારોના હક અદા કરવા અને ઈન્સાફનો મહિમા જાળવવા ભગીરથ પ્રયાસ કરો, આપના પ્રભાવ હેઠળના વિસ્તારમાં આ ઈસ્લામી કાનૂનને પ્રચલિત કરો.

અલ્લાહ તઆલા રહમ ફરમાવે તમામ મર્દો ઔરતો પર જે પોતે તરીક-એ-વસિય્યત વાંચી અને પોતાની વસિય્યત લખી બીજા મુસ્લિમ ભાઈઓ સુધી આ પયગામ પહોંચાડે.